# ૧૬ મે –૨૦૧૬ (રવિવાર)

**(૧) સ્વદેશી સુપર સોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરિક્ષણ :**

- તાજેતરમાં ઓરિસ્સાના અબ્દુલ કલામ આઇલેન્ડ પરથી ભારતે સ્વદેશી સુપર સોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું.
- આ મિસાઇલ હુમલો કરવા આપતી કોઇપણ બેલેસ્કિ મિસાઇલ મિસાઇલને માર્ગમાં આંતરીને તોડી પાડવા સક્ષમ છે.
- આ મિસાઇલ સંપૂર્ણ રીતે ભારતમાં બનેલી છે.
- ડીઆરડીઓ દ્વારા બનેલ આ મિસાઇલ ૭.૫ મીટર લાબં અને હવામાં ૨૦૦૦ કિ.મી. સુધી એટેક કરી શકે છે.

**(૨) ઇટાલીયન ઓપન : ટેનિસ :**

- ભારતની સાનિયા મિર્ઝા અને સ્વિટ્ઝર્લેન્ડની માર્ટિના હિંગીસની જોડીએ ઇટાલીયન ઓપન વિમેન્સ ક્લબનું ટાઇટલ જીતી લીધું.
- સાનિયા અને માર્ટિનાની જોડીનું આ ૧૪ મું ટાઇટલ છે જ્યારે ચાલુ વર્ષે તેઓનું આ પાંચમું ટાઇટલ છે.
- વિમેન્સ સિંગલ્સમાં અમેરિકાની સેરેના વિલિયમ્સે ટાઇટલ જીત્યું હતું.
- સેરેનાએ નવ મહિના બાદ પ્રથમ ટાઇટલ જીતી
- તેમજ મેન્સ સિંગલ્સમાં બ્રિટનના એન્ડી મરેએ ટાઇટલ જીત્યું હતું.

**(૩) એશિયન ટીમ સ્કવોશ ચેમ્પિયન શીપ :**

- એશિયન ટીમ સ્કવોશ ચેમ્પિયનશીપમાં ભારતની મહિલા ટીમે સીલ્વર મેડળ મેળવ્યો.
- ફાઇનલમાં ભારતનો મલેશિયા સામે પરાજય થયો.
- આ સાથે મલેશીયાએ સળંગ નવમી વખત એશિયન ટીમ સ્કવોશ ચેમ્પિયનશીપ જીતવાની સિદ્ધિ મેળવી.
- ચીનના તાઇપેઇમાં આ ટૂર્નામેન્ટનું આયોજન થયું હતું.
- અત્યાર સુધી રમાયેલી ૧૬ ચેમ્પિયનશીપમાંથી ભારતની મહિલા ટીમ ૧ વખત ચેમ્પિયન બની છે.

**(૪) શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ :**

- શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર શિક્ષકોને દર વર્ષે સિસ્ટર નિવેદીતા ફાઉન્ડેશન દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ આપવામાં આવે છે.
- જેમાં આ વર્ષે પૂર્વ પ્રાથમિક વિભાગમાં રાજકોટના પૂજાબહેન સુરેશભાઇ પટેલ, પ્રાથમિક વિભાગમાં ભાવનગરના જીતેન્દ્રકુમાર વાજા તથા માધ્યમિક વિભાગમાં રાજકોટના અતુલભાઇ વ્યાસને સન્માનીત કરાશે
- આ શિક્ષકોને રૂા. ૫૦,૦૦૦ નો રોકડ પુરસ્કાર, સ્મૃતિ ચિહ્ન અને રૂા. ૧૦૦૦નો પુસ્તક સંપૂટ અર્પણ કરવામાં આવશે.
- આગામી ૧૯ મી ના રોજ ચિત્રકુટધામ ટ્રસ્ટ– તલજગાજરડા ખાતે મોરારીબાપુની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે.

**પ્રશ્નો :**

(૧) તાજેતરમાં કરાયેલ સ્વદેશી સુપર સોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરિક્ષણ ક્યાંથી કરાયું હતું ?
- અબ્દુલ કલામ આઇલેન્ડ, ઓરિસ્સા

(૨) ઇટાલીયન ઓપન વિમેન્સ ડબલ્સ વિજેતા ?
- સાનિયા મિર્ઝા– માર્ટિના હિંગીસ

(૩) એશિયન ટીમ સ્કવોશ ચેમ્પિયશીપનું આયોજન કયાં થયું ?
- તાઇપેઇ, ચીન

(૪) એશિયન ટીમ સ્કવોશ ચેમ્પિયનશીપમાં ભારતની મહિલા ટીમે કયો મેડલ મેળવ્યો ?
- સિલ્વર

(૫) રાજયમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ કોના દ્વારા અપાયું છે ?
- સિસ્ટમ નિવેદિતા ફાઉન્ડેશન

(૬) શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડમાં ઇનામ સ્વરૂપે શું આપવામાં આવે છે ?
- રૂા. ૫૦,૦૦૦ રોકડ પુરસ્કાર, સ્મૃતિ ચિહ્ન તથા રૂા. ૧૦૦૦નો પુસ્તક સંપૂટ